# આજે જિલ્લામાં કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ, પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર અને આપના સંજયસિંહની સભાઓ

ગાંધીનગર, તા. ૨૯

રાજ્યમાં પ્રથમ તબક્કાની ૮૯ બેઠકો માટેના પ્રચાર પડઘમ શાંત થયા પછી હવે રાજકીય નેતાઓ ઉત્તર અને મધ્ય ગુજરાત માટે સભાઓ ગજવશે.

ગાંધીનગર જિલ્લામાં સભાઓ અત્યાર સુધી થવી જોઈએ તેટલી થઈ નથી. જો કે રેલીના આયોજનો મુખ્ય સ્પર્ધક પક્ષો દ્વારા વધુ થઈ છે. કાર્યાલયો ખોલવામાં પણ ત્રણેય પક્ષોમાં કોંગ્રેસ થોડીક આગળ જરૂર છે.

જિલ્લામાં આજે એક જ દિવસમાં ભાજપ-કોંગ્રેસ અને આપની સભાઓનું આયોજન છે. કોંગ્રેસમાં પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરની સભા કલોલના સાંતેજ ખાતે આવેલ પરબડી ચોક ખાતે યોજવામાં આવી છે. સાંજે ૫.૩૦ કલાકે આ સભા યોજાયેલ છે.

તો માણસા ખાતે કેન્દ્રીય ગૃહ પ્રધાન વ ગાંધીનગરના સાંસદ અમીતભાઈ શાહની માણસાના ચંદ્રાસણ ચોકમાં સાંજે ૬ વાગે જાહેરસભા યોજવામાં આવી છે. આ ઉપરાંત ૭-૩૦ વાગે માણસા ગ્રામીણ વિસ્તારમાં એક જાહેરસભાનું આયોજન કરાયું છે.

આપના સંજયસિંહની પણ સભાનું આયોજન કરવામાં આવ્યુ છે. સાંજે આ સભાનું આયોજન કરાયુ છે.

જિલ્લામાં હવે જાહેર પ્રચાર વેગીલો થશે. છેલ્લા ત્રણ દિવસ દરમ્યાન સભાઓનો સતત મારો ચાલશે.

ગાંધીનગર (દ) બેઠક પર પ્રદેશ કોંગ્રેસ પ્રમુખની એક સભા થઈ હતી. ગાંધીનગર (ઉ)માં ભાજપ-કોંગ્રેસની એક-એક જાહેરસભા પેથાપુર ખાતે થઈ ગઈ છે. જિલ્લામાં દહેગામ ખાતે જગદીશ ઠાકોર અને પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાની સભાઓનું પણ આયોજન હાથ ધરવામાં આવ્યુ છે.

હવે ચૂંટણીજંગના અંતિમ તબક્કામાં જાહેર પ્રચાર અભિયાન સઘન બનાવવા માટેની તૈયારીઓ ત્રણેય પક્ષ દ્વારા થઈ રહી છે.



ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ભાજપાના ઉમેદવાર રીટાબેન પટેલે મંગળવારે પેથાપુર ખાતે જનસંપર્ક કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, વિધાનસભા ચૂંટણી ટાણે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર રીટાબેન પટેલને વિધાનસભા ક્ષેત્રના વિવિધ વિસ્તારોમાં લોકસંપર્ક દરમિયાન મહિલાઓ, યુવાનો, વડીલો સહિતના નાગરિકોનો બહોળો જનપ્રતિસાદ મળી રહ્યો છે, ઠેર ઠેર તેમનું સ્થાનિકો દ્વારા ફુલહારથી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને શ્રીફળ અર્પણ કરી તેમની જીતની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

### મનપાના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરનો

# વેબકાસ્ટીંગ થકી મતદાન પ્રક્રિયા પર નજર રાખવા ઉપયોગ થશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકોના ૬૭૫ બુથના વેબકાસ્ટીંગ માટે ચૂંટણીતંત્ર મનપાના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરનો ઉપયોગ કરશે અને ત્યાંથી મતદાનની પ્રક્રિયા પર સતત નજર રાખવામાં આવશે.

ચૂંટણીપંચે પ્રથમવાર ૫૦ ટકા મતદાન મથકોનું વેબકાસ્ટીંગની મદદથી મતદાન પર સતત નજર રાખવાનો નિર્ણય કરેલ છે.

જિલ્લામાં પાંચેય બેઠકોના ૧૩૫૦ મતદાન મથકો છે. જે વેબકાસ્ટીંગ અંતર્ગત આવરી લેવામાં આવનાર છે તેની સૂચિ તંત્ર દ્વારા તૈયાર કરી લેવામાં આવી છે. આ સૂચિમાં સંવેદનશીલ અને અતિસંવેદનશીલ મતદાન મથકોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

જિલ્લામાં ૧૩૫૦ મતદાન મથકો છે જે ૬૪૭ લોકેશન પર આવેલા છે. આ પૈકી ૫૦૦થી વધુ મતદાન મથકો સંવેદનશીલ કેટેગરીના હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

જિલ્લામાં જે ૧૩૫૦ મતદાન મથકો છે તેમાં દહેગામમાં ૨૫૫, ગાંધીનગર (દ)માં ૩૫૧, ગાંધીનગર (ઉ)માં ૨૪૨, માણસામાં ૨૬૫ અને કલોલના ૨૩૭ મતદાન મથકો છે.

જિલ્લામાં મતદાન મથકો પર પોલીસ ડિપ્લોયમેન્ટ માટે પણ તૈયાર કરી દેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં મનપા પાસે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરમાં વિશાળ સ્ક્રીન તેમજ ચૂંટણી અધિકારીઓ અને કર્મચારીઓ એક સાથે બેસી શકે તેવી સુવિધા હોઈ આ સ્થળની પસંદગી કરવામાં આવી છે. જિલ્લામાં આમ તો અગાઉની ચૂંટણીમાં કલેક્ટર કચેરી ખાતે અને જે તે આર.ઓ. કચેરી ખાતે વેબકાસ્ટીંગની સુવિધા ઉભી કરાતી હતી. આ વખતે વેબકાસ્ટીંગ અંતર્ગત મતદાન મથકો ૫૦ ટકા કરવાના નિર્ણયને પગલે આ સેન્ટરની પસંદગી કરાઈ છે.

### જિલ્લાની પાંચ બેઠકો પર ખર્ચ નિરીક્ષણના બીજા તબક્કામાં

# કુલ ૫૦માંથી ૪૬ ઉમેદવારો દ્વારા ખર્ચના હિસાબો રજૂ કરાયા

### ખર્ચ નિરીક્ષણના પ્રથમ તબક્કામાં ખર્ચના હિસાબો રજૂ નહીં કરનારા ૧૩ ઉમેદવારોને નોટિસ અપાઇ

ગાંધીનગર,

ગાંધીનગર જિલ્લાના પાંચ વિધાનસભા મતદાર વિભાગ માટે આગામી તા.૫ ડિસેમ્બરના રોજ મતદાન યોજાનાર છે, ત્યારે ચૂંટણી પંચ દ્વારા નિમણૂક કરવામાં આવેલા ખર્ચ નિરીક્ષકો દ્વારા આજે તા.૨૯ નવેમ્બરના રોજ બીજા તબક્કામાં ઉમેદવારો પાસેથી ખર્ચની વિગતો મંગાવી ચકાસણી કરવામાં આવી હતી. જે અંતર્ગત જિલ્લાની પાંચેય બેઠક પરના કુલ ૫૦ ઉમેદવારોમાંથી ૪૬ ઉમેદવારોએ ઉપસ્થિત રહી વિગતો રજૂ કરી હતી. જ્યારે તા. ૨૫મી નવેમ્બરના રોજ યોજાયેલી ખર્ચ નિરીક્ષણ માટેની પ્રથમ બેઠકમાં હિસાબો રજૂ નહીં કરનારા ૧૩ ઉમેદવારોને નોટિસ મોકલવામાં આવી હતી.

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં ખર્ચ નિરીક્ષકશ્રીઓ દ્વારા જિલ્લાના પાંચ વિધાનસભા મતદાર વિભાગના ઉમેદવારોને પોતાના ખર્ચ રજૂ કરવા માટે તા. ૨૫, ૨૯ નવેમ્બર અને તા. ૦૩ ડિસેમ્બર, ૨૦૨૨ નક્કી કરવામાં આવી છે. જે અંતર્ગત ૩૬-ગાંધીનગર(ઉત્તર) અને ૩૭-માણસા ખર્ચ નિરીક્ષક શ્રી વી.એસ નેગી દ્વારા, જ્યારે ૩૪-દહેગામ, ૩૫-ગાંધીનગર (દક્ષિણ) અને ૩૮-કલોલના ખર્ચ નિરીક્ષક શ્રી સંતોષકુમાર દ્વારા કલેકટર કચેરી, ગાંધીનગર ખાતે મતદાર વિભાગના ઉમેદવારોના ખર્ચના હિસાબની તપાસણી કરવામાં આવી રહી છે. જેમાં આજે તા.૨૯ નવેમ્બરના રોજ બીજા તબક્કામાં ગાંધીનગર(ઉ) બેઠક પર કુલ ૧૦માંથી ૯, ગાંધીનગર(દ) બેઠક પર ૧૧માંથી ૯, દહેગામ બેઠક પર તમામ ૭, માણસા બેઠક પર ૧૦માંથી ૯, જ્યારે કલોલ બેઠક પર તમામ ૧૨ ઉમેદવારોએ સંબંધિત ખર્ચ નિરીક્ષકશ્રી સમક્ષ પોતાના ખર્ચના હિસાબો રજૂ કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ખર્ચ પર નિયંત્રણ રાખવા માટે ચૂંટણી પંચ દ્વારા ઉમેદવારોના ખર્ચના હિસાબોની ચકાસણી અંતર્ગત શેડો રજિસ્ટર તથા ફોલ્ડર ઓફ

● અનુસંધાન પાન-૭ પર

### ગાંધીનગર જિલ્લાના પાંચ વિધાનસભા મતદાર વિભાગના

# ૪૬૧ નાગરિકોએ ટોલ ફ્રી નંબર-૧૯૫૦નો લાભ લીધો

### જિલ્લામાં ટોલ ફ્રી હેલ્પલાઇન પર આચારસંહિતા ભંગની ૧૫, ઈ-મેલ થકી ૧૫ અને C-VIGIL પર ૪૫ ફરિયાદ મળીઃ તમામનો તાત્કાલિક નિકાલ કરાયો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લાના પાંચ વિધાનસભા મતદાર વિભાગના મતદારોની સુવિધા માટે ચૂંટણી પંચ દ્વારા કાર્યાન્વિત કરવામાં આવેલા ટોલ ફ્રી નંબર-૧૯૫૦ પર આજ દિન સુધીમાં કુલ-૪૬૧ નાગરિકોએ ફોન કરીને માહિતી મેળવી છે. આ સિવાય આચારસંહિતા ભંગ સંલગ્ન ૧૫ ફરિયાદો ઈ-મેલ પર, જ્યારે ટોલ ફ્રી નંબર-૧૮૦૦ ૨૩૩ ૨૩૪૫ ઉપર ૧૫ ફોન આવ્યા હતા. તેમજ સી-વિજીલ પર ૪૫ ફરિયાદ મળી છે. આચારસંહિતા ભંગની તમામ ફરિયાદોનો તાત્કાલિક નિકાલ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સુશ્રી પ્રવિણા ડી.કે.ના માર્ગદર્શન હેઠળ સમગ્ર ચૂંટણી પ્રક્રિયાનું સુચારું આયોજન કરવામાં આવ્યું છે. મતદારોને મતદાન કરવામાં સરળતા રહે તે માટે ચૂંટણી પંચ દ્વારા મતદારોની સુવિધામાં હેલ્પલાઈન ટેલિફોન નંબર, વેબસાઈટ અને એપ્લિકેશન તૈયાર કરવામાં આવી છે. આ તમામ પરથી મતદારો પોતાનું મતદારા યાદીમાં નામ કયા ભાગમાં, કયા ક્રમ ઉપર નોંધાયેલ છે, કયા મતદાન મથક પર મતદાન કરવા જવાનું છે તે અંગેની માહિતી મતદારો સરળતાથી મેળવી શકે તેવા ઉમદા હેતુથી રાજ્યસ્તરે ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર- ૧૯૫૦ કાર્યરત છે. આ ટોલ ફ્રી નંબર પર ગાંધીનગર જિલ્લામાં આજદિન સુધીમાં કુલ- ૪૬૧ મતદારોએ ફોન કરીને માહિતી મેળવી છે.

આ જ પ્રકારે આદર્શ આચાર સંહિતાની અમલવારી માટે ચૂંટણી પંચ દ્વારા સી-વિજીલ નામની એપલિકેશન પણ કાર્યન્વિત કરવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાંથી આચાર સંહિતા ભંગ અંગેની આ એપ્લિકેશન ઉપર કુલ- ૪૫ ફરિયાદો મળી હતી. જે તમામનો તાત્કાલિક નિકાલ કરવામાં આવ્યો છે. તેની સાથે રાઉન્ડ-ધ-ક્લોક આચાર સંહિતા ભંગની ફરિયાદ સામાન્ય નાગરિક કરી શકે તે માટે ટોલ ફ્રી નંબર- ૧૮૦૦-૨૩૩-૨૩૪૫ શરૂ કરવામાં આવ્યો છે. આ ટોલ ફ્રી નંબર ઉપર અત્યાર સુધીમાં આચારસંહિતાના ભંગને લગતી કુલ- ૧૫ ફરિયાદ મળી છે, જ્યારે ઈ-મેલ દ્વારા પણ ૧૫ ફરિયાદ મળી હતી. જે તમામનો તાત્કાલિક ઉકેલ લાવવામાં આવ્યો હતો.

# ગાંધીનગર (દ) બેઠક પર મતદારો વધતાં બે પૂરક મતદાન મથકો બનાવાશે

### ૧૬૦૦ મતદારો વધતા ચિલોડા(ન) અને ભાટ ખાતે આ પૂરક મતદાન મથકો બનાવવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર (દ) બેઠક પર બે ઓકઝીસરી મતદાન મથક ઉભા કરવામાં આવશે. ૧૦મી ઓક્ટો.ના રોજ મતદાર યાદી જાહેર થયા પછી આ બેઠક પર ૩ નવેમ્બર સુધીમાં ૧૬૦૦થી વધુ નવા મતદારો ઉમેરાયા છે.

મતદાન મથક પર ૧૫૦૦ મતદારોની મર્યાદા નિયત કરાયા પછી તંત્ર દ્વારા આ બે પૂરક મતદાન મથક ઉભા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને ચૂંટણીપંચે તંત્રની આ દરખાસ્તને માન્ય રાખેલ છે.

મળતી વિગતો પ્રમાણે ભાટ અને ચિલોડા (ન) ખાતે આ પૂરક મતદાન મથકો ઉભા કરવામાં આવશે.

ગાંધીનગર (દ) વિધાનસભા મત વિભાગ એ જિલ્લામાં વિસ્તાર અને મતદારોની દ્રષ્ટિએ સૌથી મોટો વિસ્તાર છે. આ બેઠક પર ૩ લાખ ૭૩ હજારથી વધુ મતદારો નોંધાયેલા છે. ઉત્તર ગુજરાતમાં આ મોટો મતદાર વિસ્તાર ગણવામાં આવે છે.

ગાંધીનગર (દ) એ જિલ્લામાં સતત વિકાસ પામતો વિસ્તાર છે. અહિ દરેક વખતે મતદારયાદીમાં સૌથી વધુ વધારો નોંધાતો રહ્યો છે. છેલ્લી મતદારયાદી સુધારણાને અંતે પણ ૭૫૦૦ મતદારો વધ્યા હતા. જો કે એ પહેલા ૧૨-૮-૨૨ જે મતદારયાદી જાહેર થઈ તેમાં મતદારોમાં ઘટાડો નોંધાયો હતો. અહિ વસ્તીનું ભારણ સતત વધી રહ્યુ છે અને મતદારો પણ વધુ જાગૃત છે.

### આજે ગાંધીનગર દક્ષિણ બેઠકના આમ આદમી પાર્ટીના ઉમેદવાર દેવેન્દ્ર પટેલ સાથેનો સીધો સંવાદ

# પ્રજા મોંઘવારીથી ત્રાહી .. કેજરીવાલનુ ગેરંટી કાર્ડ રંગ લાવશે ..પરિવર્તનની લહેર ફુંકાશે : દેવેન્દ્ર પટેલ

### ગાંધીનગર દક્ષિણની બેઠક પર આજ સુધી ચાંદખેડા મોટેરાના સ્થાનિક ઉમેદવારને કોઇપણ રાજકીય પક્ષે ટીકીટ આપી નહોતી.. સ્થાનિક છું મતદારો મને જીત અપાવશે : દોલત પટેલ

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગર દક્ષિણની બેઠકનો વિસ્તાર મોટો છે. આ વિસ્તારમાં ૩.૭૦ લાખ જેટલા મતદાર છે. આજ સુધી કોઈપણ રાજકીય પક્ષે ચાંદખેડા મોટેરાના સ્થાનિક ઉમેદવારને ટીકીટ આપી નથી હું સ્થાનિક છુ જયારે વર્ષોથી જાહેરજીનમાં નાના મોટા પ્રશ્ને આમ નાગરિકો સાથે ઉભો રહ્યો છું. મતદારો સ્થાનિક ધારાસભ્ય મળે તેવી ઈચ્છા ધરાવે છે. આટલા વર્ષોથી સૌની વચ્ચે જ રહ્યો છું.. પ્રચાર દરમિયાન સ્થાનિકો હર્ષથી આવકારે છે. એકબાજુ મોંઘવારી અને બેકારીથી પ્રજા ત્રાહી.. ત્રાહી.. છે. ત્યારે પરિવર્તનની લહેર ફુંકાશે તે વાત નિશ્ચિત છે.

**આપણા ઉમેદવારને ઓળખો..**





**ગાંધીનગર દક્ષિણની બેઠકના ઉમેદવાર તરીકે તમારી લાયકાત ...**

મોટેરાના દેવેન્દ્ર પટેલ (દોલત ) ગાંધીનગર દક્ષિણની બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર તરીકે જોરશોરથી પ્રચાર કરી રહ્યા છે. સ્થાનિકો સાથે સતત સંકળાયેલા દેવેન્દ્ર પટેલના મતે તેઓ સામાજિક અને સેવાના કામો કરી આમ નાગરિકો સાથે જોડાયેલા છે. જાહેર જીવનમાં સક્રીય રહ્યા છે સ્થાનિકો માટે નાના મોટા કામ કર્યા છે. ત્યારે આમ આદમી પાર્ટીમાં કેજરીવાલજીનુ ગેરંટી કાર્ડ ખુબ અસરકારક છે. આ બેઠક પરનો સ્થાનિક ઉમેદવાર છું. આજ સુધી સ્થાનિક ઉમેદવારને કોઇ પક્ષે ટીકીટ આપી નથી. પરિવર્તનની લહેર છે ત્યારે મારો વિજય નિશ્ચિત છે.

**મતદારો તમને મત આપશે એવુ કેમ માનો છો...**

ગાંધીનગર દક્ષિણ વિસ્તારનો સ્થાનિક ઉમેદવાર છુ. આજ સુધી વિધાનસભામાં ચાંદખેડા મોટેરા વિસ્તારના કોઈ સ્થાનિક ઉમેદવારને કોઈ પક્ષે ટીકીટ આપી નથી. મતદારો માને છે કે સ્થાનિક ધારાસભ્ય મળશે જયારે પરિવર્તનની લહેર છે. કેજરીવાલજીનુ ગેરંટી કાર્ડ આપ્યુ છે. તેની જોરદાર અસર છે. વિજળી ફ્રી ની વાત મુખ્ય છે. આમ નાગરિકો મોંઘવારીથી ગળે આવી ગઈ છે. તેલનો ડબ્બો ૩ હજાર સુધી આવી ગયો .. પેટ્રોલ ૧૦૦ એ પહોંચી ગયુ.. આ બધી બાબતો આમ નાગરિકાના ખિસ્સા માટે ભારણરૂપ બની છે.

**તમે ચુંટાયા બાદ શું કામ કરશો ...**

આ વિસ્તારમાં ગામોના આંતરિક માર્ગો અત્યંત ખરાબ છે. સ્થાનિકો પરેશાન છે. આરોગ્ય કેન્દ્ર ખંડેર છે. શાળાઓમાં કોઈ વ્યવસ્થા નથી. પ્રાથમિક સુવિધાઓનો પણ અભાવ છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ યોગ્ય શિક્ષણ વ્યવસ્થા ગોઠવાય તે અનિવાર્ય છે. બેરોજગારી અને મોંઘવારીથી નાગરિકો ત્રસ્ત છે. ત્યારે આ માટે પણ આમ આદમી પાર્ટીની સરકાર આવશે તો યુવાનોને રોજગારી અપાશે જયારે શિક્ષણ અને આરોગ્યની સેવાઓ સુદ્રઢ થાય તે મુજબ કામ કરવાની તૈયારી છે.

**જ્ઞાતિવાદ કેટલો અસરકારક છે.**

આ ચુંટણીમાં કોઈ જ્ઞાતિ સમીકરણ કામ કરે તેવુ લાગતુ નથી. પરિવર્તનનો સંકલ્પ સાકાર થશે. દરેક જગ્યાએ પ્રચાર દરમિયાન સ્થાનિકોનો સારો આવકાર મળે છે. આ અગાઉ બન્ને પક્ષે ઠાકોર સમાજના ઉમેદવારો હતો છતા પાટીદારોએ સમર્થન આપ્યુ હતુ આમ આદમી પાર્ટી જ્ઞાતિવાદમાં માનતી નથી પરંતુ પ્રજાલક્ષી કામો મુખ્ય છે.

# સેક્ટર-૧૬ અને ૧૭મા ૨૭૨ જોખમી આવાસો તોડવાનું કામ ચાલુ

### સેક્ટર-૧૨મા ૯૬ આવાસો તોડી નાખવામાં આવ્યા

ગાંધીનગર, તા.૨૯

શહેરના સેક્ટરોમાં જુના અને જર્જરિત આવાસો તોડીને નવા આવાસો બાંધવા માટે જગ્યા ખુલ્લી કરવામાં આવી રહી છે સેક્ટરોમાં નવા મકાનો બાંધવા માટે તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યું છે નગરના સેક્ટર ૧૨માં ૯૬ આવાસ તોડી પાડવામાં આવ્યા છે. જ્યારે સેક્ટર ૧૬માં ૭૦ અને સેક્ટર ૧૭માં ૨૦૨ આવાસો તોડવાની કામગીરી ચાલી રહી છે



મળતી માહિતી મુજબ સરકાર દ્વારા ૩૬૮ જોખમી આવાસ ઉતારી લેવાની મંજુરી ગત મે મહિનામાં આપવામાં આવી હતી. તેમાં સેક્ટર-૧૨માં છ કક્ષાના અને જ-૨ કક્ષાના ૯૬ આવાસનો, સેક્ટર ૧૬માં ચ, છ અને જ-૨ કક્ષાના ૭૦ આવાસનો અને સેક્ટર ૧૭માં ઘ-૧ કક્ષાના ૧૩૨ અને છ કક્ષાના ૭૦ આવાસને તોડી પાડવા માટેની મંજુરી આપવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ કામગીરી હાથ ધરવામાં આવ્યા બાદ સેક્ટર ૧૨માં ૯૬ આવાસ હટાવી દેવામાં આવ્યા છે.

જ્યારે સેક્ટર ૧૬ અને ૧૭માં આવાસોનો કડૂસલો કરવાની કામગીરી ચાલી રહી છે શહેરમાં સરકારી આવાસ મેળવવા માટે વર્ગ ૩ અને તેનાથી નીચેના કર્મચારીઓની માંગ સૌથી વધુ છે. તેમના માટે જે પ્રતિક્ષા યાદી બનાવવામાં આવી છે. તે ૪,૫૦૦ આસપાસ પહોંચેલી છે. આ સ્થિતિ નિવારવા પાટનગર યોજના વિભાગ દ્વારા વિવિધ સેક્ટરમાં ફ્લેટ ટાઈપ આવાસ બંધાઈ રહ્યાં છે. નગરમાં અંદાજે ૪ હજાર ઉપરાંત જુના આવાસને ઉપયોગમાં લઈ શકાય તેવી સ્થિતિ નથી. પરિણામે એપાર્ટમેન્ટ બાંધવાના કામને વેગવાન

● અનુસંધાન પાન-૭ પર

# બીજા તબક્કાના ચૂંટણીજંગમાં ૫૦૫ ઉમેદવારો ધો. ૫ થી ૧૨ સુધી ભણેલા છે

### ૧૬૩ ઉમેદવારો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે, ૩૭ ઉમેદવારોએ પાનકાર્ડ નંબર જાહેર કર્યો નથી

ગાંધીનગર, તા. ૨૯

બીજા તબક્કાની વિધાનસભાની ચૂંટણીમાં ૨૦ ટકા ઉમેદવારો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. ૨૦૨૨માં ૧૬૩ ઉમેદવારો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે.

બીજા તબક્કામાં ચૂંટણી લડી રહેલા ઉમેદવારોની શૈક્ષણિક લાયકાતની વાત કરીએ તો ૫૦૫ ઉમેદવારોએ ધો. ૫ થી ૧૨ સુધીનો અભ્યાસ કર્યો છે. ૨૬૪ ઉમેદવારો ગ્રેજ્યુએટ છે. ૨૭ ઉમેદવાર ડિપ્લોમાં હોલ્ડર છે. જ્યારે ૩૨ ઉમેદવારોને માત્ર લખતાં-વાંચતા જ આવડે છે.

બીજા તબક્કાની ચૂંટણીમાં ઉમેદવારોનું આયુ પ્રમાણે વર્ગીકરણ કરીએ તો ૨૫ થી ૪૦ વયજૂથમાં ૨૮૪ ઉમેદવારો, ૪૦ થી ૬૦ વયજૂથમાં ૪૩૦ ઉમેદવારો, ૬૧ થી ૮૦ વયજૂથમાં ૧૧૮ ઉમેદવાર અને ૮૦ થી ઉપરના એક ઉમેદવાર છે.

બીજા તબક્કાના ચૂંટણીજંગમાં મહિલા ઉમેદવારો ૬૯ છે જ્યારે ૭૬૩ પુરૂષ ઉમેદવાર છે. બીજા તબક્કામાં ૮૩૩ ઉમેદવાર પૈકી ૬૯ મહિલા ઉમેદવાર નોંધાયેલ છે જે ૬ ટકા જેટલી થવા જાય છે.

બીજા તબક્કામાં ૮૩૩ ઉમેદવારોમાંથી ૩૭ ઉમેદવારોએ પાનકાર્ડ નંબર જાહેર નથી કર્યા.

બીજા તબક્કાનું મતદાન ૫ મી ડિસેમ્બરના રોજ યોજાવાનું છે. બીજા તબક્કાની ચૂંટણી માટેનું પ્રચાર અભિયાન તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચુક્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર


!! બેસણું !!



સ્વ.ઈચ્છાબેન કાન્તિભાઈ પટેલ (ગામ-પેથાપુર)

સ્વ.તા.૨૮-૧૧-૨૦૨૨, સોમવાર

દિલગીરી સાથે જણાવવાનું કે

ઈચ્છાબેન કાન્તિભાઈ પટેલ સ્વર્ગવાસ પામેલ છે.

પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના...

-: સદ્‌ગતનું બેસણું :-

તા.૧-૧૨-૨૦૨૨ ને ગુરૂવારના રોજ સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ :- કોમન ચોક, ૨૦ ઉર્જાનગર-૩, મંગલમૂર્તિ ફ્લેટની બાજુમાં, ચરેડી રોડ, પેથાપુર, તા.જી.ગાંધીનગર.

લિ.

પટેલ કાન્તિભાઈ રાયચંદદાસ (મો.૯૭૩૭૯ ૩૯૩૦૭)
પટેલ બકુલભાઈ કાન્તિભાઈ (મો.૯૪૨૬૦ ૩૬૭૯૦)
પટેલ ભરતભાઈ કાન્તિભાઈ (મો.૯૪૨૬૫ ૭૨૬૧૫)
પટેલ રમેશભાઈ કાન્તિભાઈ (મો.૯૪૨૬૨ ૮૪૫૫૦)
પટેલ રાજ ભરતભાઈ
પટેલ મયુર બકુલભાઈ
પટેલ જય રમેશભાઈ
પટેલ દિયા રમેશભાઈ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com